નગર મારું પાટનગર

Regd. No. GNR/65-G0

ગાંધીનગર સમાચાર

પાણી-ગટર વેરામાં માત્ર ૫૦ ટકા વસુલાત

ખેલ મહાકુંભની તરણ સ્પર્ધાઓમાં રાજ્યકક્ષાએ મેઘલ એરડાનો શ્રેષ્ઠ દેખાવ

બે સુવર્ણ ચંદ્રક અને રજત ચંદ્રક તથા ગ્રુપ ચેમ્પિયનશીપની ટ્રોફી જીતી શહેરનું ગૌરવ વધાર્યું

ગાંધીનગર, તા.૧૫

રમતગમતની પ્રવૃત્તિઓને પ્રોત્સાહન આપવા માટે રમતગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વિભાગ દ્વારા યોજવામાં આવતી ખેલ મહાકુંભની સ્પર્ધાઓમાં ગાંધીનગરના નામાંકિત સ્વીમર શ્રીમતી મેઘલ ભાવેશ એરડાએ શ્રેષ્ઠ દેખાવ કર્યો છે.

છઠ્ઠા ખેલ મહાકુંભ અંતર્ગત રાજ્યકક્ષાની સ્વીમીંગ સ્પર્ધા તાજેતરમાં રાજકોટ ખાતે યોજવામાં આવી હતી. આ સ્પર્ધા અંતર્ગત ૪૫ થી ૬૦ વર્ષની વયજુથની મહિલાઓની તરણ સ્પર્ધાઓમાં ગાંધીનગરના શ્રીમતી મેઘલ ભાવેશ એરડાએ શ્રેષ્ઠ દેખાવ કર્યો છે. તેઓએ ૫૦ મીટર ફ્રી સ્ટાઈલ અને ૧૦૦ મીટર ફ્રી સ્ટાઈલમાં ગોલ્ડ મેડલ પ્રાપ્ત કર્યો છે. જયારે ૫૦ મીટર બેક સ્ટ્રોકમાં સીલ્વર મેડલ પ્રાપ્ત કર્યો છે. આ સિધ્ધિ સાથે તેઓએ ચોથી વખત રાજ્યકક્ષાની ગ્રુપ ચેમ્પિયનશીપની ટ્રોફી પ્રાપ્ત કરી છે. સ્વીમીંગની અનેક સ્પર્ધાઓમાં વિજેતા બનનાર શ્રીમતી મેઘલ એરડાએ ખેલ મહાકુંભ અંતર્ગત કરેલ શ્રેષ્ઠ દેખાવથી ગાંધીનગરનું વધુ એક વખત ગૌરવ વધાર્યું છે.

સ્વચ્છતા મિશનના સર્વેમાં ગાંધીનગર સ્વચ્છતા માટે જરૂરી ગતિ લાવે તે કેટેગરીમાં મુકાયુ

દેશની ૧૦ ટોપ રાજધાનીમાં પણ પાટનગરનું સ્થાન નથી : કેન્દ્ર સરકારના સર્વેનું તારણ

ગાંધીનગર, તા. ૧૫

ગ્રીનસીટી તરીકેની આગવી ઓળખ એક તબક્કે ધરાવનાર ગાંધીનગરનો રાજ્યોના દસ સારી સ્વચ્છ રાજધાનીમાં પણ સમાવેશ થયો નથી એટલુ જ નહિ પણ સ્વચ્છ ભારત મિશન અંતર્ગત કેન્દ્ર સરકારે કરેલા સર્વેમાં ૪૨મુ સ્થાન પામેલા ગાંધીનગનગરને સ્વચ્છતા માટે ગતિ લાવવાની આવશ્યકતા ધરાવતા નગરોની યાદીમાં મુકવામાં આવ્યું છે.

કેન્દ્રના શહેરી વિકાસ મંત્રાલયે ૨૦૧૪માં સ્વચ્છ ભારત મિશન અંતર્ગત દેશના ૭૩ શહેરોના કરેલા મૂલ્યાંકનનું પરિણામ જાહેર કરાયુ છે. જેમાં ગાંધીનગર શહેર ૪૨મા સ્થાને અને તે પણ સ્વચ્છતા માટે ગતિ લાવવાની જરૂરી કેટેગરીમાં મુકવામાં આવ્યું છે.

ગાંધીનગર શહેરમાં સ્વચ્છતા માટે નગરજનો તો રજુઆતો કરી થાકી ચુક્યા છે તંત્રના બહેરા કાને કંઈ સંભળાતુ જ નથી એ કડવી વાસ્તવિકતા છે.

કેન્દ્રના શહેરી વિકાસ વિભાગે જે મૂલ્યાંકન કર્યુ છે તેની માર્કિંગ પદ્ધતિમાં આંતર માળખાકીય સુવિધા, કચરાના નિકાલની વ્યવસ્થા, ટ્રાન્સપોર્ટ વ્યવસ્થા સહિતના મુદ્દાઓને ધ્યાને લઈ કર્યું છે.

ગાંધીનગર શહેરની સેન્ડફિલ્ડની સાઈટ જ નથી નિયત થઈ શકી તેમજ જાહેરમાં કચરો બાળવાની ઘટનાઓ પણ અખબારી અહેવાલો બની ચમકી ચુકી છે. એર પોલ્યુશન માટે પણ પગલાં લેવાયા નથી.

આજે સ્વચ્છતા મિશન અંતર્ગત દેશની ટોપ ૧૦ રાજધાનીઓ જાહેર કરાઈ છે તેમાં પણ ગાંધીનગરનો સમાવેશ થયો ન હોવાની વાતથી આજે સૌ ચોંકી ઉઠ્યા છે.

સ્માર્ટ સીટીની યાદીમાં સમાવિષ્ટ થયેલા પાટનગરમાં આંતરિક માર્ગોની આજે પણ સફાઈ થતી નથી. શહેરમાં ઠેર ઠેર ગંદકીના થર જામી ગયા છે ત્યારે તંત્ર હવે પોતાની બહેરાશ દૂર કરી અને સ્વચ્છ નગર, ગ્રીન નગરની કલ્પના સાકાર કરે તેમ સૌ ઈચ્છી રહ્યા છે.

૨ઈશ ફિલ્મના શુટીંગ માટે શાહરૂખ અડાલજની વાવ આવ્યો

ગાંધીનગર, તા.૧૫

૨ઈશ ફિલ્મના શુટીંગ માટે શાહરૂખ ખાન સહીતના કલાકારો આજકાલ ગુજરાતમાં છે. આજે શાહરૂખખાન

શાહરૂખની ઝલક માટે કોલેજીયનો અડાલજ તરફ દોડયા : અમદાવાદમાં થયેલા વિરોધને પગલે શુટીંગ દરમિયાન ચુસ્ત પોલીસ બંદોબસ્ત મુકાયો

શુટીંગ માટે અડાલજની વાવ ખાતે આવ્યો હતો. એક તરફ અમદાવાદમાં શાહરૂખના થયેલા વિરોધને પગલે ગાંધીનગરમાં ચુસ્ત પોલીસ બંદોબસ્ત ખડકી દેવામાં આવ્યો હતો તો બીજી તરફ શાહરૂખનાં કોલેજીયન ફેન્સ અડાલજની પૌરાણિક વાવ ખાતે તેની એક ઝલક માટે કલાકો સુધી બેસી રહ્યા હતા.

અગાઉ ૨ઈશ ફિલ્મના શુટીંગ માટે શાહરૂખ ભુજ ગયો હતો ત્યારે અસહિષ્ણુતાના મુદ્દે તેણે કરેલા નિવેદનને પરિણામે શાહરૂખ વિવાદમાં સપડાયો હતો.

● અનુસંધાન પાન-૭ પર

વેરા વસુલાતના મામલે બંધ મકાનોની યાદીમાંથી કમી થશે

ગત વર્ષની નબળી કામગીરીના અંતે ૨ હજારથી વધુ બાકીદારોને નોટીસ: નોટીસના અંતે ૨ લાખની રીકવરી : નવા બીલો તૈયાર

પાણી ગટર વેરાની વલુલાતની કામગીરી અન્વયે તંત્ર દ્વારા દર વર્ષે બાકીદારોને નાટીસ આપવામાં આવે છે. પરંતુ બાકીદારો નોટીસની જાણે અવગણના કરતા હોય તેમ નોટીસ બાદ પણ વેરો ભરપાઈ કરવામાં બાકીદારો કોઈ ઉત્સાહ દાખવતા નથી. જયારે તંત્રના ચોપડે બાકીદારોની યાદી યથાવત રહે છે. બીજીતરફ આ વખતે ગ્રામ્ય વિસ્તારમાં પાણીની નવી લાઈન નાંખવામાં આવી હોય તેવા વિસ્તારમાંથી ૨ લાખ જેટલો વેરો વસુલવામાં આવ્યો છે. પાણીની સમસ્યા ઉકેલાતા કેટલાક જોડાણકર્તાઓએ વેરો ભરવામાં ઉત્સાહ દાખવ્યો છે. જયારે આગામી વેરા વસુલાતા ઝુંબેશમાં ગામડાઓના બંધ મકાનોની પણ લીસ્ટમાંથી કમી કરવામાં આવશે. હાલની સ્થિતિએ અંદાજિત ૨૦ ટકા મકાનો બંધ હાલતમાં હોવાનુ પણ માલુમ પડયુ છે.

ગાંધીનગર તા ૧૫

શહેરમાં પાણી ગટર વેરા અન્વયે બાકી માંગણાં સામે માત્ર ૫૦ ટકા જ વસુલાત થતા તંત્રના ચોપડે બાકીદારોની ઉધારી વિશેષ હોવાનુ સ્પષ્ટ થયુ છે. પાણી ગટર વેરાની વસુલાત માટે નવા બીલોનુ ટુંકમાં વિતરણ શરૂ કરવામાં આવશે. જયારે ગત વસુલાતના અંતે માત્ર ૫૦ ટકા જ કામગીરી થઈ હોવાથી તંત્રના ચોપડે બાકી વેરાનો આંકડો મોટો છે. ગત ઝુંબેશના અંતે ત્રણ હજાર બાકીદારોને નોટીસ આપવામાં આવી છે. જયારે નોટીસના અંતે તંત્રને રૂપિયા બે લાખની રીકવરી કરવામાં સફળતા મળી છે. જુની વસુલાતની નબળી કામગીરીનો ચિતાર હજુ પુર્ણરૂપે તૈયાર પણ થયો નથી અને અગામી વર્ષ માટે એડવાન્સ વસુલાતને ધ્યાને લઈ બીલોનુ વિતરણ શરૂ કરવામાં આવશે.

ગાંધીનગરમાં પાણી ગટર વેરાના અંદાજિત ૨૬ હજાર જેટલા જોડાણ કર્તાઓ પાસેથી વેરાની ઉધરાણી માટે દરવર્ષે એડવાન્સ વસુલાત કરવામાં આવે છે. જે અન્વયે ગત વર્ષની વસુલાતની કામગીરી હેઠળ અંદાજિત સવા બે કરોડના માંગણા સામે ૫૦ ટકા જ વસુલાત થઈ શકી હતી. જુના સેકટરો ૧૪ થી ૩૦ તેમજ બોરીજ પાલજ બાસણ આદીવાડા સહીતના

● અનુસંધાન પાન-૭ પર

કેન્દ્રીય યોજનાઓના અમલીકરણના મોનીટરીંગ માટે કેન્દ્રીય અધિકારીઓ ગામડા ખુંદી રહ્યા છે

ગાંધીનગર, તા. ૧૫

ગાંધીનગર જિલ્લામાં કેન્દ્ર પુરસ્કૃત યોજનાઓના અમલીકરણની ચકાસણી માટે બે કેન્દ્રીય અધિકારીઓની ટીમ જિલ્લાના ગ્રામ્ય વિસ્તારને ખૂંદી રહી છે.

છેલ્લા ત્રણ દિવસથી ગાંધીનગર જિલ્લાના પ્રવાસે આવેલી આ ટીમે જાખોરા, વાંકાનેરડા, શિહોલી મોટી, પાલૈયા, કંથારપુર, અમરાજીના મુવાડાની મુલાકાત પુરી કરી છે.

આ ટીમ ઈન્દિરા આવાસ યોજના, સ્વચ્છ ભારત મિશન અંતર્ગત શૌચાલયની યોજનાની કામગીરી ઉપરાંત સાંસદની આદર્શ ગ્રામ યોજના, મનરેગા સહિતની સમીક્ષા કરી રહી છે.

મળતી વિગતો પ્રમાણે સાંસદના આદર્શ ગ્રામ અંતર્ગત અત્યાર સુધીમાં ૩ જ કામ પૂર્ણ થયા છે જ્યારે અન્ય કામો પ્રગતિ હેઠળ તંત્ર દ્વારા દર્શાવવામાં આવ્યા છે.

● અનુસંધાન પાન-૭ પર

ગાંધીનગર ટાઉન હોલ ખાતે રાજ્યના રમત-ગમત ક્ષેત્રે વિશિષ્ટ સિદ્ધિ પ્રાપ્ત કરનાર ૧૭૮ ખેલાડીઓને પુરસ્કારથી બિરદાવાયા તે પ્રસંગની તસવીર...

ટાઉનહોલ ખાતે એવોર્ડ વિતરણ કાર્યક્રમમાં રાજ્યના ૧૭૮ ખેલાડીઓને એવોર્ડ એનાયત

સુરત-રાજકોટમાં સ્પોર્ટ્સ એકેડેમી શરૂ કરવા તૈયારી : ગુજરાતના યુવાનો રમતના ક્ષેત્રમાં પણ સફળતા મેળવી રહ્યા : નાનુભાઈ વાનાણી

અમદાવાદ, તા.૧૫

સુરત અને રાજકોટમાં સ્પોર્ટ્સ એકેડેમી બનાવવાની રમત-ગમત રાજ્યમંત્રી નાનુભાઈ વાનાણીએ આજે જણાવ્યું હતું કે, રાજયના રમતગમત ક્ષેત્રે વિશિષ્ટ સિદ્ધિ હાંસલ કરી હોય તેવા ૧૭૮ ખેલાડીઓને રમત ગમત રાજય મંત્રી નાનુભાઈ વાનાણીના અધ્યક્ષ સ્થાને વિવિધ રમતો માટે સરદાર પટેલ, એકલવ્ય તથા જયદિપસિંહજી સિનિયર જુનિયર અને સાહસ, શૌર્ય, સેવા તેમજ જાહેર સુખાકારી ક્ષેત્રે વિશિષ્ટ કૌશલ્ય દાખવનાર વ્યક્તિઓને નામદાર રાજયપાલનો સુવર્ણચંદ્રક અને એક વ્યક્તિને ગુણવતા પ્રમાપત્ર પેટે એવોર્ડથી સન્માનિત કરાયા હતા. મંત્રી નાનુભાઈ વાનાણીએ ખેલાડીઓને સન્માનીત કરતા જણાવ્યું હતું કે, ગુજરાતના યુવાનો હવે વેપાર ક્ષેત્રે કાઠુ કાઢીને હવે રમતમાં ભાગ લેતા થયા છે તે પ્રત્યે આનંદની લાગણી વ્યક્ત કરી હતી.

સે-૨૯માં ટાવર કોલોનીનુ કામ શરૂ થતા આસપાસના રહીશોની ગટર સેવા છિનવાઇ

સે-૭માં પણ ગટરના મેઈન હોલને પુરી દેવાયુ : તંત્રની ગંભીર બેદરકારીના લીધે રહીશોને ગુંગળામણ અસહ્ય ગંદકીથી રોગચાળાની દહેશત

ગાંધીનગર તા ૧૫

સે-૭ અને સે-૨૯માં નવા બનતા સરકારી આવાસોની કામગીરીના પ્રારંભે તંત્રની ગંભીર બેદરકારી છતી થઈ છે. જેના પરિણામે સ્થાનિક વસાહતીઓએ નર્કાગાર જેવી સ્થિતિમાં મુકાવાનો વારો આવ્યો છે. સે-૨૯માં નવા આવાસોના નિર્માણના પ્રારંભે બાજુમાં સ્થિત જ કેટેગરીના આવોસોનુ ગટર જોડાણ છિનવી લેવાતા આ ઠેકાણે દુષિત પાણીના ભરાવા વચ્ચે રહીશો ગુંગળામણ અનુભવી રહયા છે.જયારે સે-૭માં પણ ગટરનુ મેન હોલ પુરી દેવામાં આવતા રહીશો માટે મુશીબત ઉભી થાય તેવી સ્થિતિ સર્જાઈ છે.

શહેરમાં નિકાલ હેઠળના મકાનો તોડીને સે-૭ અને સે-૨૯માં કર્મચારીઓ માટે નવી ટાવર કોલોનીનુ નિર્માણ કરવામાં આવી રહયુ છે. જયારે નાના કર્મચારીઓ માટે પણ સુવિધાયુકત મકાનો બનાવવામાં આવનાર છે.પરંતુ આ આવાસોનુ કામ શરૂ થતા જ હાલ સ્થાનિક વિસ્તારમાં રહેતા રહીશો માટે રોજબરોજ નતનવી સમસ્યાઓ ઉભી થતી હોવાનો રોષ પ્રબળ બન્યો છે. સે-૨૯માં ટાવર કોલોનીના નિર્માણના કામ દરમિયાન ગટર લાઈનનુ જોડાણ દુર કરી દેવાતા આસપાસના વિસ્તારમાં જ-૧ કેટેગરીના આવાસોમાં રહેતા રહીશોની ગટર સેવા છિનવાઈ ગઈ છે. ગટર લાઈન કટઓફ થઈ જતા આ વિસ્તારમાં ગટરનુ દુષિત પાણી ફરિ વળ્યુ છે. રહીશોએ મકાનની નીચે ઉતરવુ પણ મુશ્કેલ થઈ જાય તેવી સ્થિતિ સર્જાતા સ્થાનિક મહીલાઓ દ્વારા આજે પાટનગર યોજના ભવનમાં તંત્ર સમક્ષ આક્રોશ સાથે રજુઆત કરવામાં આવી હતી.

લાઈનનુ જોડાણ દુર કરી દેવાતા આસપાસના વિસ્તારમાં જ-૧ કેટેગરીના આવાસોમાં રહેતા રહીશોની ગટર સેવા છિનવાઈ ગઈ છે. રહીશોના ઘર આંગણે ગંદુ પાણી ઉભરાતા નર્કાગાર જેવી સ્થિતિ સર્જાઈ છે. જેના પરિણામે ગમે ત્યારે

● અનુસંધાન પાન-૭ પર

હાર્દિક અભિનંદન

શ્રી જયરાજસિંહ બિહોલા

NSUI પ્રમુખ - ગાંધીનગર

આપશ્રીની NSUI ગાંધીનગર શહેર પ્રમુખ તરીકે વરણી થવા બદલ ખૂબ ખૂબ અભિનંદન સહ ઉત્તરોત્તર પ્રગતિની શુભેચ્છાઓ....

લિ.

કૃણાલસિંહ વાઘેલા યશરાજસિંહ બિહોલા

માલવ્યાસિંહ રાઓલ પ્રિયાંશસિંહ રાજપૂત

શ્રી સ્વામીનારાયણ એન્ટરપ્રાઈસીસ

એસ-૬, બીજો માળ, અપના બજાર, સેક્ટર-૬, ગાંધીનગર

કોલ કરો : ૯૯૨૫૦ ૩૯૬૭૨, ૭૬૯૮૬ ૮૮૮૧૧.

મકાનના ૧૦૦% વોટર પ્રુફીંગ કામ માટે મળો.

જગ્યા ભાડે આપવાની છે

સેક્ટર-૨૮, ૧૦૧/૧/૪, જીઆઈડીસી, જલારામ આઈસ ફેક્ટરી સામે, ગાંધીનગર

(૧) બેઝમેન્ટ માપ - ૧૬૫૦ ફૂટ

(૨) ગ્રાઉન્ડ ફ્લોર માપ - ૧૬૫૦ ફૂટ

(૩) પહેલો માળ માપ - ૧૬૫૦ ફૂટ

તથા આગળનો શો-રૂમ માપ : ફૂટ ૯૦૦

સંપર્ક ૯૮૨૪૨ ૩૭૦૦૮

જગ્યા ભાડે આપવાની છે

શ્રી સ્કવેર, પેથાપુર ચાર રસ્તા, પેથાપુર - ગાંધીનગર રોડ

પંપની લાઈનમાં, પેથાપુર

ગ્રાઉન્ડ ફ્લોર - કોર્નર દુકાન

માપ : કારપેટ - ૫૫૦ ફૂટ

સંપર્ક : ૯૮૨૪૨ ૩૭૦૦૮

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@yahoo.com